# ગાંધીનગરના 'છુપા રતન' જેવી મહિલા પ્રતિભાને સલામ...!!!

*વિશ્વભરમાં તા. ૮મી માર્ચ 'મહિલા દિવસ' તરીકે ઉજવાઈ રહ્યો છે. એક સમય હતો જયારે મહિલા હોવું એટલે 'અબળા' હોવું તેવું માનવામાં આવતું હતું પરંતુ આજે મહિલાએ સ્વબળે પોતાની પ્રતિભા દરેક ક્ષેત્રે પ્રદર્શિત કરી છે. ગાંધીનગરમાં પણ મહિલાઓ વિવિધ ક્ષેત્રે કાર્યરત હોવા સાથે તેમની નિપુણતાના દર્શન કરાવી રહી છે. જેમાં યુવા દિકરીઓથી માંડીને પરિણીત મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આજે વિશ્વ મહિલા દિને શહેરની 'વણઓળખાયેલ રતન' જેવી મહિલા પ્રતિભાઓ પૈકી કેટલીક પ્રતિભાઓનો પરિચય કરાવવા સાથે મહિલા શકિતને વંદન કરવાનો પ્રયાસ કરાયો છે.*



સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારના એક ગામમાં સરકારી તબીબ તરીકે પોસ્ટીંગ મળ્યાં પછી ડૉ. શ્વેતા ચૌહાણને ત્યાંની સ્થાનિક આશ્રમશાળાના હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા બાળકો સારવાર કરાવવા આવતા હતા તેમની સાથે માયા બંધાઈ હતી. શિયાળાની કડકડતી ઠંડીમાં મા-બાપથી દૂર રહેતા આ જરૂરિયાતમંદ વર્ગના બે-ત્રણ બાળકોને એકવાર જુના સ્વેટર આપતાં તેઓ ખુશખુશાલ થઈ ગયાં હતા. આ ખુશી જોઈને તેમણે દર વર્ષે બાળકોને શિયાળામાં નવા સ્વેટર ખરીદીને આપવાનું ચાલુ કર્યુ અને ધીમે ધીમે તેની સંખ્યા વધારતા ગયાં. છેલ્લાં ૨૦ વર્ષથી તેઓ અમદાવાદથી હોલસેલમાં સ્વેટર ખરીદી બાળકોને પુરાં પાડે છે પરંતુ ક્યારેય તેમણે બાળકોને સ્વેટર પહેરાવતો કે સ્વેટર આપતો ફોટો નથી પડાવ્યો.

**ડો. શ્વેતા ચૌહાણ**
**ગવર્નમેન્ટ મેડીકલ ઓફિસર, સે. ૨૪**

●●●



સાયકોલોજી અને જર્નાલિઝમના વિદ્યાર્થીની એવા આશિષબા ઝાલા શરૂઆતમાં થોડો સમય પત્રકાર તરીકે ગાંધીનગર સમાચાર તથા જન્મભૂમિ જેવા અખબારોમાં કામ પણ કરી ચુક્યાં છે. જોકે પોતાના શ્વસુરને અકસ્માત થવા સહિત ઘરસંસારની અને પારિવારિક જવાબદારીઓના કારણે સંપૂર્ણ ગૃહિણી બની ગયેલા આશિષબાએ બે દિકરીઓના મોટા થયાં બાદ અંદાજે ૨૦ વર્ષ જેટલાં લાંબા અંતરાલ પછી નવી ઈનીંગ શરૂ કરી અને તેમાં તેમણે કેન્વાસ અને પીંછી પકડી ચિત્રકળા પર હાથ અજમાવ્યો ભાવનગરમાં રાઠોડ ડિઝાઈન સ્ટુડિયોની પ્રતિયોગિતામાં પોતાની દિકરીના પોટ્રેટને રજૂ કરી પ્રથમ સ્થાન મેળવનાર આશિષબા ૬ ફૂટ લાંબુ ઓઈલ પેઈન્ટનું ચિત્ર પણ બનાવી ચુક્યાં છે. તેઓ ચિત્રકળાના દરેક માધ્યમમાં ચિત્રો દોરી શકે છે.

**આશિષબા ઝાલા,**
**ગૃહિણી-ચિત્રકાર, સેક્ટર-૧**

●●●



ગાંધીનગરના જુના સચિવાલય ખાતે શિક્ષણ વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે કાર્યરત ગીતાબા ચૌહાણ અત્યંત હસમુખ, પ્રભાવશાળી, સ્પષ્ટ વક્તા તથા નીડર નારી તરીક ઉભરી આવ્યાં છે. પતિના અકાળ અવસાન બાદ પણ પોતાના બે સંતાનોને ઉછેરી ઉચ્ચકક્ષાએ પ્રસ્થાપિત કરનારા ગીતાબા ચૌહાણ નોકરી સાથે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા છે. તેઓ સચિવાલયમાં કર્મચારી મહામંડળના મહિલા વિભાગના પ્રમુખ છે, શિક્ષણ વિભાગના કર્મચારી મંડળના ઉપપ્રમુખ છે તેમજ રાજપૂત સમાજમાં મહિલા પ્રતિનિધિ હોવા સાથે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

**ગીતાબા ચૌહાણ,**
**મહિલા અગ્રણી, સે. ૧૯**

●●●



તાજેતરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની યુવા દિગ્દર્શક પ્રતિભા યોજના અંતર્ગત ''અવસર એક સુખનો'' નાટકનું નિર્માણ-દિગ્દર્શન કરનાર વિવેકા પટેલ યુવા વયે શહેરના પ્રતિભાશાળી અભિનેત્રી તરીક જાણીતા બન્યાં છે. તેઓએ ''મળવા જેવો માણસ'', ''પ્રેક્ષપ્રશ્ન'', ''નાટકનો અંતિમ ભાગ'', ''દુનિયાના ઊંધા ચશ્મા'', ''પ્રેમ કરતા પંકચર પડ્યું'', ''તમે રહ્યાં એવાને એવા'' જેવા નાટકોમાં અભિનય પ્રતિભા પ્રદર્શિત કરવા સાથે ટીવી સિરિયલો અને શોર્ટ ફિલ્મોમાં કામ કર્યુ છે અને હવે તેમની ૩ ગુજરાતી ફિલ્મો ફેકબુક ધમાલ, બભબા અને સાહિલ રીલીઝ થવા જઈ રહી છે. આ સાથે તેઓ ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીમાં ફિટનેસ સેલનું ઉપપ્રમુખ પદ શોભાવી રહ્યા છે.

**વિવેકા પટેલ,**
**યુવા અભિનેત્રી-નિર્માત્રી-દિગ્દર્શક, સે. ૨૬**

●●●



અંદાજે બે વર્ષ પૂર્વે એક અકસ્માતમાં ડાબા પગે ગંભીર ઈજાઓના કારણે દસ-દસ ઓપરેશન બાદ પોતાનો પગ ગુમાવનાર આશાબહેન મક્કમ મનોબળનું પ્રતિક છે. નવ માસના દર્દનાક સમયગાળાને સહન કર્યા બાદ જાણે તેમનો પુર્નજન્મ થયો છે અને તેઓ આર્ટિફિશ્યલ લીમ્બ એટલે કે બનાવટી પગના સહારે ચાલતાં થઈ ગયાં છે એટલુ જ નહી ફરીથી સેક્ટર-૨ ૨માં સ્વામિનારાયણ શિશુ વિદ્યાલયમાં કાર્યરત પણ થઈ ચુક્યા છે.

**આશાબહેન પંડ્યા,**
**બાળ શિક્ષિકા, સે. ૩૦**

●●●



ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ફુડટેકનોલોજી વિભાગના બીજા વર્ષમાં અભ્યાસ કરતા પૃથા પટેલ સંશોધન ક્ષેત્રે પણ કાર્યરત છે. તેમણે ફળોની ગુણવત્તા ચકાસવાની વિવિધ પદ્ધતિઓ વિષયે વિશ્લેષણ કરતું સંશોધનપત્ર લખ્યું છે જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશ્વની પ્રતિષ્ઠિત ટેકનોલોજીકલ સંસ્થા આઈઈઈઈની કેનેડામાં યોજાનાર કેનેડિયન કોન્ફરન્સ ઓફ ઈલેક્ટ્રિકલ એન્ડ કોમ્પ્યુટર એન્જિનીયરીંગમાં આગામી મે માસમાં પ્રસ્તુત થવા જઈ રહ્યું છે. આ સંશોધન પત્રમાં તેમની સાથે ખુશ્બુ પટેલ અને નિરમા યુનિવર્સિટીના પ્રો. ડૉ. એચ.કે. પટેલ પણ સક્રીય રીતે સામેલ છે. આ સંશોધનપત્રને ઉત્કૃષ્ઠ ગુણાંક મળવા સાથે તેને પ્રસ્તુત કરવા તેમજ તે વિષયે વધુ સંશોધનની શક્યતાઓ તપાસવા તેમને આમંત્રણ મળ્યું છે.

**પૃથા પટેલ,**
**વિદ્યાર્થીની, સેક્ટર-૨-એ**

●●●



અંજના નિમાવત ગાંધીનગરમાં ઘણા સમયથી વનશ્રી ટ્રસ્ટના નેજા હેઠળ પર્યાવરણ અને વન્ય જીવો અંગે જાગૃતી ક્ષેત્રે કાર્યરત છે. આ સાથે તેઓ વિવિધ પ્રકારની સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ સાથે પણ સંકળાયેલા છે. તાજેતરમાં ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજયના તમામ જિલ્લાઓ માટે ''માનદ વન્ય પ્રાણી સંરક્ષક''ની નિમણૂંક કરી છે તેમાં તેઓ રાજયભરમાં એક માત્ર મહિલા છે જેઓ આ નિમણૂંક પામ્યાં છે.

**અંજના નિમાવત,**
**માનદ્ વન્ય પ્રાણી સંરક્ષક, સે. ૪-બી**

●●●



સાબરકાંઠાના તલોદ ખાતે જાણીતા વીમા એજન્ટ તરીકે જાણીતા મનોજ પંડ્યાના ધર્મપત્નિ નીપા પંડ્યા પતિ સાથે ખભેખભો મિલાવી વીમા એજન્ટનું કાર્ય કરી રહ્યાં છે. તલોદથી ગાંધીનગરના કુડાસણ ખાતે શીફ્ટ થયાં બાદ પણ તેમનું કાર્ય ઉત્કૃષ્ઠ રહ્યું છે અને તેના પરિણામે ધી ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ કંપની દ્વારા પૂણે ખાતે યોજાયેલા વાર્ષિક સમારંભમાં નીપા પંડ્યાને ચેરમેન અતુલ સહાય દ્વારા ''બેસ્ટ એજન્ટ એવોર્ડ'' એનાયત કરવામાં આવ્યો છે.

**નીપા પંડ્યા, વીમા એજન્ટ, કુડાસણ**

●●●



ગાંધીનગરમાં સે. ૧૩માં રહેતા પરિણિતા મહિલા પ્રિતી પરીખે તાજેતરમાં ''મિસ્ટર, મિસ અને મિસીસ સુપર મોડેલ ઈન્ડિયા-૨૦૧૯'' સ્પર્ધા યોજાઈ હતી તેમાં ''મિસીસ ફોટોજેનિક'' એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધા ધ સીટી હાઈ લાઈફ મેગેઝીન દ્વારા યોજવામાં આવી હતી. જેનો ફાઈનલ રાઉન્ડ હૈદ્રાબાદ ખાતે યોજાયો હતો. આ સ્પર્ધાના ઓડિશન રાઉન્ડ ૮ શહેરોમાં યોજાયાં હતા જેમાં ગાંધીનગરના પ્રિતી પરીખની પસંદગી પણ થવા પામી હતી.

**પ્રિતી પરીખ, મોડેલ, સે. ૧૩**

●●●



શ્રુતિ બારોટ ગાંધીનગરના વધુ એક યુવા પ્રતિભાશાળી અભિનેત્રી છે જેઓ નાટક અને ગુજરાતી ફિલ્મક્ષેત્રે સંકળાયેલા હોવા સાથે મોડેલિંગ પણ કરે છે. તેમણે જાણીતી ગુજરાતી ફિલ્મ ''શુ થયું ?''માં પરફોર્મન્સ આપ્યાં બાદ તેઓ 'ફેકબુક ધમાલ'' અને ''ધ ગેસ્ટ હાઉસ'' નામની ફિલ્મોમાં પણ અભિનયના અજવાળાં પાથર્યા છે. આ ઉપરાંત ''ગુગાર કૌન'', ''જયંતિ જાગૃતિ ડૉટ કોમ'', ''રમતો'', જેવી ગુજરાતી સિરિયલોમાં કામ કરવા સાથે ૩ વિડિયો આલ્બમ સોંગમાં પણ કામ કર્યુ છે. માત્ર ટૂંકાગાળામાં સોશ્યલ મિડિયા પર ૨૦ હજારથી વધુ ફોલોઅર્સ ધરાવતા ક્ષૃતિ બારોટ યુવાવર્ગમાં ખૂબ લોકપ્રિય છે.

**શ્રુતિ બારોટ**

●●●



નેશનલ માસ્ટર્સ એક્વેરિયમ ચેમ્પિયનશીપમાં ૬ મેડલ્સ મેળવનાર સ્નેહા ચક્રવર્તી વિવિધ કળામાં અગ્રેસર છે. તેઓ કોરિયોગ્રાફી પણ કરે છે અને કાર્યક્રમોમાં સ્ટેજ સંચાલન પણ કરે છે. આ સાથે તેઓ નવરાત્રિ દરમ્યાન ગરબામાં તો ઈનામો જીતી જ લાવે છે પરંતુ તે સાથે અનેક સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ પણ આપે છે.

**સ્નેહા ચક્રવર્તી, તરણવીર, સે. ૬**

●●●



ગાંધીનગર સાહિત્ય સભામાં યુવા કવયિત્રી તરીકે અનેકવાર પોતાની કવિતા પઠન કરી ચુકેલા હાર્દિ સોની હાલ ચાંગા ખાતે ફિઝિયોથેરેપીનો અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ એક ખાનગી ટીવી ચેનલ પર પણ કવિતા પઠન કરી ચુક્યા છે તેમજ ગુજરાત કલા સંસ્થાન દ્વારા નિર્મિત ''પાળિયા'' નામના પ્રોજેક્ટમાં તેમનો લેખ પસંદગી પામ્યો છે. અત્યાર સુધીમાં ૪૦ જેટલી રચનાઓ લખનાર હાર્દિ સોની કોલેજની સ્પોર્ટ્સમાં પણ અગ્રેસર છે. તેમણે 'ધ સેકન્ડ લાઈફ' નામની સોર્ટ ફિલ્મની કહાની પણ લખી છે અને સેવાકીય પ્રવૃતિઓમાં પણ સતત યોગદાન આપી રહ્યાં છે.

**હાર્દિ સોની, યુવા કવયિત્રી, સરગાસણ ચાર રસ્તા**

